Extra No. 58

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette
EXTRAORDINARY
[PUBLISHED BY AUTHORITY]

Vol. LXVII] **MONDAY, FEBRUARY 23, 2026 / PHALGUNA 5, 1947**

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART -I
SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા

જાહેર હુકમ

-: ભારતીય નાગરિક સુરક્ષા સંહીતા-૨૦૨૩ (BNSS) ની કલમ-૧૬૩ અન્વયે :-

File No: PAN/OTH/e-file/454/2026/0225/Extra Chitnis.-પંચમહાલ જિલ્લાના જેલ વિભાગ હસ્તકની ગોધરા સબ જેલ ગોધરા શહેર વિસ્તારમાં તેમજ કાલોલ સબ જેલ કાલોલ તાલુકામાં આવેલ છે. જેમાં હત્યા, અપહરણ, બળાત્કાર, નકલી ચલણીનોટ, નકલી દસ્તાવેજો, છેતરપીંડી, પોકસો એકટ, એન.ડી.પી.એસ એકટ, પશુ અત્યાચાર જેવા ગંભીર ગુનાના પુરૂષ તેમજ સ્ત્રી કેદીઓને રાખવામાં આવે છે. સદર કેદીઓ યેનકેન પ્રકારે જેલની બહારની રાષ્ટ્ર વિરોધી પ્રવૃતિ કરતા ઈસમો, સંસ્થા સાથે મોબાઈલ ફોન, દુરસંચારના અન્ય ગેઝેટ્સનો ઉપયોગ કરી સંપર્ક કરી તેઓની સાથે સાંઠ-ગાંઠ કરી સમાજ તથા રાષ્ટ્ર વિરોધી ગુનાઓને અંજામ આપી શકે છે. પોતાના કેસના સાક્ષીઓ/સાહેદોને ધાકધમકી/લોભ-લાલચ, પ્રલોભન આપવા જેવી પ્રવૃતિઓ પણ કરી શકે છે. આવા બનાવો રાજયની જેલમાં અગાઉ બની ચુકયા છે. અત્રેની જેલમાંથી પણ ભૂતકાળમાં મોબાઈલ ફોન મળવાના બનાવો બની ચુક્યા છે. જેથી જેલમાં મોબાઈલ ફોન, દુરસંચારના અન્ય ગેઝેટ્સનો ઉપયોગ પ્રતિબંધિત કરવો અનિવાર્ય જણાતો હોય આ કામે ઈ.ચા. અધિક્ષકશ્રી, ગોધરા સબ જેલએ તેમના પત્ર જાવક નં.યુ.ટી/૧૧૦/૨૦૨૬ તા.૨૯/૦૧/૨૦૨૬ એ ગોધરા સબ જેલ માટે જાહેરનામું બહાર પાડવા અત્રે દરખાસ્ત કરેલ છે.

ઉકત વિગતો જોતાં આ કામે જેલમાં શિસ્ત અને સલામતિ જળવાઈ રહે તે માટે ગોધરા સબ જેલ તેમજ કાલોલ સબ જેલમાં મોબાઈલ ફોન, દુરસંચારના અન્ય ગેઝેટ્સનો ઉપયોગ ભારતીય નાગરીક સુરક્ષા સંહીતા-૨૦૨૩ (BNSS)ની કલમ-૧૬૩ હેઠળ મળેલ સત્તાએ પ્રતિબંધિત કરવું અનિવાર્ય જણાય છે.

વાસ્તે, હું જે.જે.પટેલ (જી.એ.એસ) અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ પંચમહાલ ગોધરા, ભારતીય નાગરીક સુરક્ષા સંહીતા-૨૦૨૩ (BNSS)ની કલમ-૧૬૩ અન્વયે મને મળેલ સત્તાની રૂએ આથી ગોધરા સબ જેલ તેમજ કાલોલ સબ જેલ પ્રિમાઈસીસમાં (સંકુલમાં) સલામતી અને સુરક્ષાના કારણોને ધ્યાને લઇ આ પ્રિમાઈસીસમાં કોઈપણ વ્યક્તિ મોબાઈલ ફોન, સીમકાર્ડ, આઈપેડ કે દૂર સંચાર માધ્યમના અન્ય ગેઝેટ્સ સાથે પ્રવેશ ન કરવા તેમજ આવા કોઈ સાધનો/ગેઝેટ્સ સાથે જેલના પ્રતિબંધિત વિસ્તારમાં ઉપયોગ ન કરવા ફરમાવું છું.

// અપવાદ //

કોઈ પણ જાહેર રાજ્ય સેવક કે જે પોતાની ફરજના ભાગરૂપે બંધાયેલ છે તેવી વ્યક્તિને તેની ફરજ દરમ્યાન આ હુકમ લાગુ પડશે નહીં.

// અમલવારીનો સમય //

આ હુકમની અમલવારી તા.૨૧/૦૨/૨૦૨૬ ના ૦૦:૦૦ કલાકથી તા.૨૦/૦૪/૨૦૨૬ ના ૨૪:૦૦ કલાક સુધીની અત્રેની હકુમત હેઠળના સમગ્ર વિસ્તારમાં રેહેશે.

// શિક્ષા //

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર વ્યક્તિ ભારતીય ન્યાય સંહીતા (BNS) ૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર ગણાશે. તેવા ઈસમો વિરૂધ્ધ ફરીયાદ દાખલ કરવા હોદાની રૂએ અધિક્ષકશ્રી ગોધરા/કાલોલ સબ જેલ તેમજ પંચમહાલ જિલ્લામાં ફરજ બજાવતાં હેડ કોન્સ્ટેબલ તથા તેનાથી ઉપરી પોલીસ અધિકારીને અધિકૃત કરવામાં આવે છે.

આજ રોજ તા.૨૧/૦૨/૨૦૨૬ના રોજ મારા સહી સિક્કો કર્યા.

જે. જે. પટેલ
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ
પંચમહાલ ગોધરા

જાહેરનામું

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૭(૪) અન્વયે

File No: PAN/OTH/e-file/454/2026/0271/Extra Chitnis.-નાયબ પોલીસ મહાનિરીક્ષકશ્રી, રાજય અનામત પોલીસ દળ જુથ-૫, ગોધરાએ તેઓના તા.૦૩/૦૨/૨૦૨૬ ના પત્ર ક્રમાંક : વહટ/સીબી-૩/ફા.બટ/૬૭૬/૨૦૨૬ થી જણાવેલ છે કે, (૧) અધિક પોલીસ મહાનિદેશકશ્રી હથિયારી એકમો ગુજરાત રાજય ગાંધીનગરના પત્ર ક્રમાંક : ગ-૧/પાવાગઢ/ફા.બ./૪૦૩૨/૨૨ તા.૧૬/૦૭/૨૦૨૨, (૨) સેનાપતિશ્રી રા.અ.પો.દળ જુથ-૧, વડોદરાના ફેકસ મેસેજ ક્રમાંક : મકમ/સીબી-મુકા/ફા.બટ/૩૭૪૧/૨૦૨૨ તા.૨૨/૦૭/૨૦૨૨ તથા (૩) સેનાપતિશ્રી રા.અ.પો.દળ જુથ-૧, વડોદરાના ફેકસ મેસેજ ક્રમાંક : મકમ/સીબી-મુકા/ફા. બટ/૩૭૮૪/૨૦૨૨ તા.૨૫/૦૭/૨૦૨૨ થી પાવાગઢ ફાયરીંગ બટ પંચમહાલ જીલ્લાના હાલોલ તાલુકાનું તેઓના યુનિટના હસ્તક મુકવામાં આવેલ હોઈ તે પોલીસ મહાનિર્દેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુજરાત રાજય ગાંધીનગરના પત્ર ક્રમાંક : એફ/ટિ-૩/ફાયરીંગ બટ/પુન: વહેચણી/૧૦૩૩/૨૦૨૫ તા.૧૩/૧૦/૨૦૨૫ અન્વયે પાવાગઢ ફાયરીંગ રેન્જ (૧) પોલીસ અધિક્ષકશ્રી દાહોદ, પંચમહાલ, મહિસાગર, છોટાઉદેપુર, વડોદરા ગ્રામ્ય, ભરૂચ, નર્મદા (૨) એસ.આર.પી જુથ-૪ પાવડી, જુથ-૫ ગોધરા, જુથ-૧ વડોદરા, જુથ-૯ વડોદરા, જુથ-૧૮ કેવડીયા તથા જુથ-૧૦ રૂપનગર, વાલીયા (૩) પોલીસ કમિશ્નરશ્રી, વડોદરા શહેર (૪) પોલીસ ટ્રેનિંગ સેન્ટર વડોદરા (૫) પોલીસ અધિક્ષકશ્રી, પ.રે.વડોદરાનાઓને ફાયરીંગ પ્રેકટીસ કરવા માટે ફાળવેલ હોય, આ ફાયરીંગ પ્રેકટીસ માટે તા.૦૧/૦૩/૨૦૨૬ થી તા.૩૦/૦૪/૨૦૨૬ (બન્ને દિવસો સહિત) સુધીના આગામી બે માસના સમયનું પાવાગઢ ફાયરીંગ રેન્જ માટેનું જાહેર જનતા જોગનું જાહેરનામું ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૭(૪) પ્રમાણે બહાર પાડવા દરખાસ્ત કરેલ છે.

આથી હું જે.જે.પટેલ (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, પંચમહાલ ગોધરા, ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૭(૪) અન્વયે મળેલ સત્તાની રૂએ ફરમાવુ છું કે, પંચમહાલ જિલ્લાના પાવાગઢ ફાયરીંગ રેન્જ તા.૦૧/૦૩/૨૦૨૬ થી તા.૩૦/૦૪/૨૦૨૬ (બન્ને દિવસો સહિત) (૧) પોલીસ અધિક્ષકશ્રી દાહોદ, પંચમહાલ, મહિસાગર, છોટાઉદેપુર, વડોદરા ગ્રામ્ય, ભરૂચ, નર્મદા (૨) એસ.આર.પી જુથ-૪ ૬ પાવડી, જુથ-૫ ગોધરા, જુથ-૧ વડોદરા, જુથ-૯ વડોદરા, જુથ-૧૮ કેવડીયા તથા જુથ-૧૦ રૂપનગર, વાલીયા (૩) પોલીસ કમિશ્નરશ્રી, વડોદરા શહેર (૪) પોલીસ ટ્રેનિંગ સેન્ટર વડોદરા (૫) પોલીસ અધિક્ષકશ્રી, પ.રે.વડોદરા માટે ફાયરીંગ પ્રેકટીસ કરવા માટે રીઝર્વ રાખવું અને સદરહું જમીનમાં ઉકત સમય દરમ્યાન બહારના કોઈપણ અનધિકૃત શખ્સે દાખલ થવું નહિં.

આ હુકમ અન્વયે પંચમહાલ જિલ્લામાં ફરજ બજાવતાં એ.એસ.આઈ કે તેથી ઉપલા દરજજાના તમામ પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનાં ભંગ કરનાર સામે ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ રોજ તા.૨૧/૦૨/૨૦૨૬ના રોજ મારા સહી સિક્કો કર્યા.

જે. જે. પટેલ
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ
પંચમહાલ ગોધરા

જાહેર હુકમ

ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ હેઠળનો

નં.એમએજી/SSC-HSC પરીક્ષા/જાહેરનામું/વશી/૩૨૨ થી ૩૩૨/૨૦૨૬.-જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, પંચમહાલ ગોધરાના પત્ર જા.નં. પરીક્ષા/૨૦૨૬/૩૧૭૫, તા.૧૧/૦૨/૨૦૨૬ ના રોજના પત્રથી ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર ધ્વારા એસ.એસ. સી. તથા એચ.એસ.સી (સા.પ્ર/વિ.પ્ર) ની પરીક્ષાઓ આગામી તા.૨૬/૦૨/૨૦૨૬ થી તા.૧૮/૦૩/૨૦૨૬ સુધીના સમયગાળા દરમ્યાન જિલ્લાના જુદા-જુદા પરીક્ષા કેન્દ્રો ઉપર યોજાનાર છે. આ પરીક્ષાઓનું સંચાલન સરળતાપૂર્વક થાય, અસામાજિક તત્વોના ત્રાસ અને ભય વગર ખંડ નિરીક્ષકો નિરીક્ષણ કાર્ય કરી શકે તથા પરીક્ષાર્થીઓ શાંતિમય અને સૌહાર્દપૂર્ણ વાતાવરણમાં નિર્ભયતાપૂર્વક તથા ગેરરીતિ કરવાના પ્રલોભનથી દોરાયા વગર પરીક્ષાઓ આપી શકે તે માટે કાયદો અને વ્યવસ્થાની જાળવણીના ભાગરૂપે પરીક્ષા કેન્દ્રો ખાતેનાં સ્થળોને પ્રતિબંધિત વિસ્તાર જાહેર કરવા તેમજ પરીક્ષા કેન્દ્રની આસપાસ ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ લાગુ કરવા જાહેરનામું પ્રસિધ્ધ કરવા વિનંતી કરેલ છે. જે જોતાં આ કામે પ્રતિબંધક જાહેરનામું બહાર પાડવું જરૂરી જણાય છે.

સબબ ઉકત કામે આથી હું જે.જે.પટેલ, (જી.એ.એસ) અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, પંચમહાલ ગોધરા, ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ હેઠળ મળેલ સત્તાની રૂએ ઉપરોકત હેતુસર તા.૨૬/૦૨/૨૦૨૬ થી તા.૧૮/૦૩/૨૦૨૬ સુધી (બન્ને દિવસો સહિત) સવારના ૦૯-૦૦ કલાકથી સાંજના ૧૯-૦૦ કલાક સુધીના સમયગાળા માટે આ સાથે સામેલ અનુસૂચિ મુજબના જિલ્લામાં આવેલ પરીક્ષા કેન્દ્રો ખાતે નીચે દર્શાવેલ કૃત્યો કરવા મનાઈ ફરમાવુ છું.

પ્રતિબંધિત વિસ્તાર:-

અનુસૂચિત પરીક્ષા કેન્દ્રની યર્તુદિશાની ઓતરફ ૧૦૦ મીટરની ત્રિજયામાં આવેલ તમામ મકાનો, જગ્યા, સ્થળ અને વિસ્તાર.

પ્રતિબંધિત કૃત્યો:-

(૧) પરીક્ષાર્થી ઉમેદવાર અને પરીક્ષા સંબંધિત કામગીરીમાં રોકાયેલા ફરજ પરના અધિકૃત માણસો સિવાય અન્ય કોઈ બિનઅધિકૃત વ્યકિતઓએ અવર-જવર કરવી નહિં. કાયદેસરની ફરજ બજાવનારાઓને કોઈપણ પ્રકારે અડચણ કે અવરોધ કરવો કે કરાવવો, તેમજ કોઈપણ ઈસમે કોઈપણ પ્રકારની તરકીબ વાપરી પરીક્ષાર્થીઓને પરીક્ષા વિષયક ચોરી કરવા/કરાવવામાં સીધી કે આડકતરી મદદગારી કરવી કે કરાવવા ઉપર, પરીક્ષાર્થી ઉમેદવારોની શાંતિ અને લેખનકાર્યમાં અડચણ-વિક્ષેપ-ધ્યાનભંગ થાય તેવુ કોઈ કૃત્ય કરવું/કરાવવા ઉપર.

(૨) પરિક્ષાર્થીઓ, શિક્ષકો, સંચાલકો, વહીવટી કર્મચારીઓ, જાહેર જનતા કે ફરજ પરના તમામ સ્ટાફએ પરીક્ષા સંબંધી ચોરી ગણાય તેવી કોઈ વસ્તુ, અથવા ઈલેકટ્રોનીક આઈટમ જેવી કે મોબાઈલ ફોન, પેજર, કેમેરા, લેપટોપ, કોમ્પ્યુટર, કેલ્કયુલેટર ઈત્યાદી ઉપકરણોના ઉપયોગ કરવા ઉપર, તથા પુસ્તકો, કાપલીઓ, ઝેરોક્ષ નકલો કે પરીક્ષાલક્ષી કોઈપણ પ્રકારનું સાહિત્ય પરીક્ષા સ્થળમાં લઈ જવા, વહન કરવા કે તેમાં મદદગારી કરવા ઉપર, પરંતુ આ ખંડની જોગવાઈઓ ગુ.મા. અને ઉ.મા. શિક્ષાણ બોર્ડ, ગાંધીનગર ધ્વારા અધિકૃત રીતે સાદા કેલકયુલેટરનો ઉપયોગ કરવાની પરવાનગી આપેલ છે તેને લાગુ પડશે નહી.

(૩) પરીક્ષાખંડમાં શાંતિપૂર્ણ રીતે પરીક્ષાર્થીઓને, અન્ય કોઈ વ્યકિત અથવા જાતે પરીક્ષામાં ચોરી કરવી, કરાવવી, કે તે પ્રકારના કામમાં મદદગારી કરવી તેમજ પરીક્ષાલક્ષી કોઈપણ પ્રકારનું સાહિત્યની આપ-લે કરવી કે કરાવવા ઉપર.

(૪) પરીક્ષામાં થતી ગેરરીતી અટકાવવાના હેતુથી આ સાથેની અનુસૂચિમાં જણાવેલ પરીક્ષાના સમગ્ર વિસ્તારમાં આવેલ કોમ્પ્યુટર સેવા આપતી દુકાનો, ઝેરોક્ષ કોપીઅર, ફેકસ મશીન સંચાલકોએ કોપીઅર મશીનનો ઉપયોગ પરીક્ષાના દિવસો દરમ્યાન સવારના ૦૯-૦૦ કલાકથી ૧૯-૦૦ કલાક સુધી સદંતર બંધ રાખવાના રહેશે.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર ઈસમ ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ ની કલમ-૨૨૩ હેઠળ નીચે મુજબ શિક્ષાને પાત્ર થશે, અને જો તેવા અનાદર, કાનુની રીતે કામે રાખેલ વ્યકિતઓને અવરોધ, ત્રાસ કે હાનિ પહોંચાડે તેમ હોય અથવા તે અંગેનું જોખમ ઉત્પન્ન કરે તેમ હોય તો તેને ૧ (એક) માસ સુધીની સાદી કેદ અથવા બસ્સો રૂપિયા સુધીનો દંડ અથવા બન્ને શિક્ષાને પાત્ર થશે, તથા જો આવો અનાદર માનવજીવન, સુખાકારી કે સલામતીને ભયમાં મૂકે અથવા મૂકે તેમ હોય અથવા તેથી હુલ્લડ કે બખેડો થાય અથવા થાય તેમ હોય તો તેને ૬(છ) માસ સુધીની બેમાંથી કોઈપણ પ્રકારની કેદ અથવા એક હજાર રૂપિયા સુધીનો દંડ અથવા તે બન્ને સજા થશે.

આ હુકમ અન્વયે પરીક્ષા કેન્દ્ર/બિલ્ડીંગના કમ્પાઉન્ડની અંદર થયેલ ભંગ અંગે જિલ્લા શિક્ષણાધિકારીશ્રી ધ્વારા અધિકૃત કરવામાં આવેલ સરકારી અમલદાર અથવા સ્થળ સંચાલક ધ્વારા ફરીયાદ કરવા અધિકૃત કરવામાં આવેલ ફરજ પરના અધિકારી/શિક્ષક તેમજ કમ્પાઉન્ડ બહાર તથા કાયદો અને વ્યવસ્થાના ભંગ બદલ પંચમહાલ જિલ્લામાં ફરજ બજાવતા હેડ કોન્સ્ટેબલ કે તેથી ઉપલા દરજજાના તમામ પોલીસ અધિકારીશ્રીઓને જાહેરનામાના ભંગ કરનાર સામે ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ ફરીયાદ માંડવા અધિકૃત કરવામાં આવે છે.

અત્રેની કચેરીના જાહેરનામાં ક્રમાંક : એમએજી/SSC-HSC પરીક્ષા/જાહેરનામું/વશી/૩૨૨ થી ૩૩૨ /૨૦૨૬ તા.૧૩/૦૨/૨૦૨૬ ની સાથેની અનુસુચિ

SSC/HSC પરીક્ષા ફેબ્રુઆરી-માર્ચ-૨૦૨૬ ના બ્લોક બિલ્ડીંગની યાદી

ક્રમ	કેન્દ્રનું નામ	બિલ્ડીંગનું નામ	SSC બ્લોક	HSC (GEN) બ્લોક	HSC (SCI) બ્લોક
1	ગોધરા	ઈકબાલ યુનિયન હાઈસ્કુલ, ગોધરા યુનિટ-1	12	12	-
2		ઈકબાલ યુનિયન હાઈસ્કુલ, ગોધરા યુનિટ-૨	10	10	-
3		રોટરી ઈંગ્લીશ મીડીયમ સ્કુલ, ગોધરા	10	-	8
4		અનાજ મહાજન હાઈસ્કુલ, ગોધરા	10	-	10
5		મેકેબ મેમોરિયલ હાઈસ્કુલ, ગોધરા	10	-	-
6		એમ.એન્ડ એમ મહેતા હાઈસ્કુલ, ગોધરા યુનિટ-1	10	-	10
7		એમ.એન્ડ એમ મહેતા હાઈસ્કુલ, ગોધરા યુનિટ-૨	10	-	10
8		સેન્ટ આર્નોલ્ડ હાઈસ્કુલ, ગુજરાતી માધ્યમ, ગોધરા યુનિટ-1	10	-	-
9		સેન્ટ આર્નોલ્ડ હાઈસ્કુલ, ગુજરાતી માધ્યમ, ગોધરા યુનિટ-૨	10	-	-
10		શ્રીમતી ટી.સી.સોની માધ્યમિક શાળા, ગોધરા યુનિટ-1	4	-	10
11		શ્રીમતી ટી.સી.સોની માધ્યમિક શાળા, ગોધરા યુનિટ-૨	-	-	10
12		નાલંદા હાઈસ્કુલ, બામરોલી રોડ ગોધરા યુનિટ-૧	-	-	11
13		નાલંદા હાઈસ્કુલ, બામરોલી રોડ ગોધરા યુનિટ-૨	-	-	1
14	શહેરા	મોડેલ સ્કૂલ યુનિટ -૧, શહેરા	10	10	-
15		મોડેલ સ્કૂલ યુનિટ -૨, શહેરા	10	10	-
16		શ્રીમતી એસ.જે.દવે સાર્વ.જનિક હાઈસ્કુલ, શહેરા યુનિટ-1	10	10	-
17		શ્રીમતી એસ.જે.દવે સાર્વ.જનિક હાઈસ્કુલ, શહેરા યુનિટ-૨	-	5	-
18	સંતરોડ	શ્રીમતી જે.આર.ભાટિયા હાઈસ્કુલ, સંતરોડ	17	16	-
19		ગુરુકૃપા માધ્યમિક શાળા, સંતરોડ	5	-	-
20	કાંકણપુર	શ્રી એમ.જી.શાહ હાઈસ્કુલ, કાંકણપુર યુનિટ-1	14	15	-
21		શ્રી એમ.જી.શાહ હાઈસ્કુલ, કાંકણપુર યુનિટ-૨	13	8	-
22		શ્રી એન વી એસ.ગર્લ્સ હાઈસ્કુલ, કાંકણપુર	9	-	-
23	સાંપા	ધી નવજીવન હાઈસ્કુલ સાંપા	13	-	-
24	વાઘજીપુર	નવજીવન માધ્યમિક શાળા ,વાઘજીપુર યુનિટ-૧	11	14	
25		નવજીવન માધ્યમિક શાળા, વાઘજીપુર યુનિટ-૨	10	-	-
26		મુક્તજીવન સ્વામીબાપા આર્ટસ કોલેજ	3	-	-
27	સુલીયાત	ગંગા જમના માધ્યમિક શાળા, સુલીયાત	14	-	-
28	રીંછવાણી	સરદાર પટેલ હાઈસ્કુલ, રીંછવાણી યુનિટ-૧	14	15	-
29		સરદાર પટેલ હાઈસ્કુલ, રીંછવાણી યુનિટ-૨	6	7	-
30	મોરવા રેણા	કે.એમ.મહેતા હાઈસ્કુલ, મોરવા રેણા યુનિટ-૧	10	10	-
31		કે.એમ.મહેતા હાઈસ્કુલ, મોરવા રેણા યુનિટ-૨	10	2	-
32	ખોજલવાસા	એસ.વી. ખાંટ હાઈસ્કુલ, ખોજલવાસા યુનિટ-1	10	9	-
33		એસ.વી. ખાંટ હાઈસ્કુલ, ખોજલવાસા યુનિટ-૨	6	5	-
34	મોરવા (હ)	મોડેલ સ્કૂલ, મોરવા હડફ યુનિટ-૧	10	10	-
35		મોડેલ સ્કૂલ, મોરવા હડફ યુનિટ-૨	10	10	-
36		ધી કૃષિકાર સેકન્ડરી એન્ડ હાયર સેકન્ડરી સ્કૂલ મોરવા (હ) યુનિટ-૧	10	10	-
37		ધી કૃષિકાર સેકન્ડરી એન્ડ હાયર સેકન્ડરી સ્કૂલ મોરવા (હ) યુનિટ-૨	10	2	-
38		શ્રીમતી જી.બી.ડામોર માધ્યમિક શાળા, મોરવા હડફ	10	-	-

ક્રમ	કેન્દ્રનું નામ	બિલ્ડીંગનું નામ	SSC બ્લોક	HSC (GEN) બ્લોક	HSC (SCI) બ્લોક
39	મોરા	આઈ.એચ.શેઠ હાઈસ્કુલ, મોરા યુનિટ-1	15	15	-
40		આઈ.એચ.શેઠ હાઈસ્કુલ, મોરા યુનિટ-૨	8	7	-
41	બાહી	ધ નવચેતન ઈંગ્લિશ સ્કૂલ, બાહી	16	-	-
42		કુમાર પ્રાથમિક શાળા, બાહી	2	-	-
43	સાંકલી	કે.જી.પરમાર માધ્યમિક શાળા, સાંકલી યુનિટ-1	15	12	-
44		કે.જી.પરમાર માધ્યમિક શાળા, સાંકલી યુનિટ-૨	15	12	-
45		આદિવાસી આશ્રમ શાળા, સાંકલી યુનિટ-1	9	12	-
46		આદિવાસી આશ્રમ શાળા, સાંકલી યુનિટ-૨	-	10	-
47	ગોલ્લાવ	જી.વી.એસ હાઈસ્કુલ, ગોલ્લાવ	16	14	-
48		આઈ. ટી. આઈ. ગોલ્લાવ	8	-	-
49	ચોપડા બુઝર્ગ	શ્રી બી.એમ.વિદ્યાલય, ચોપડા બુઝર્ગ યુનિટ-૧	10	-	-
50		શ્રી બી.એમ.વિદ્યાલય, ચોપડા બુઝર્ગ યુનિટ-૨	5	-	-
51	જાફરાબાદ	શ્રી સ્વામિનારાયણ હાઈસ્કુલ, જાફરાબાદ	14	13	-
52		નાલંદા હાઈસ્કુલ, ભુરાવાવ ગોધરા	-	10	-
53	ન્યુ શહેરા	જીવન જ્યોત માધ્યમિક શાળા, કવાલી	10	15	-
54	સુરેલી	શ્રી જનકલ્યાણ વિદ્યામંદિર, સુરેલી યુનિટ-૧	10	-	-
55		શ્રી જનકલ્યાણ વિદ્યામંદિર, સુરેલી યુનિટ-૨	8	-	-
56	શનીયાડા	એ. વી પટેલ હાઈસ્કુલ, શનીયાડા	15	-	-
57	હાલોલ	વી.એમ. શાહ હાઈસ્કુલ (ગુજરાતી માધ્યમ) હાલોલ, યુનિટ-૧	15	-	15
58		વી.એમ. શાહ હાઈસ્કુલ (ગુજરાતી માધ્યમ) હાલોલ, યુનિટ-૨	10	-	10
59		વી.એમ. શાહ અંગ્રેજી માધ્યમ શાળા, હાલોલ-ગોધરા રોડ	12	-	10
60		ધ એમ.એસ. હાઈસ્કૂલ, હાલોલ યુનિટ-૧	15	10	-
61		ધ એમ.એસ. હાઈસ્કૂલ, હાલોલ યુનિટ-૨	-	10	-
62		જી.પી.સોમાણી નૂતન વિદ્યાલય, હાલોલ	11	15	-
63		એમ. જી. એમ. હાઈસ્કુલ, હાલોલ	-	5	-
64		કલરવ સ્કૂલ, હાલોલ	-	11	-
65	કાલોલ	એમ.જી.એસ હાઈસ્કૂલ, કાલોલ યુનિટ-1	15	15	-
66		શ્રીમતી સી.બી.ગર્લ્સ હાઈસ્કૂલ, કાલોલ	10	10	-
67		એમ.જી.એસ હાઈસ્કૂલ, કાલોલ યુનિટ-૨	-	1	-
68	અડાદરા	એમ.આર હાઈસ્કૂલ યુનિટ-1, અડાદરા	13	-	-
69		એમ.આર હાઈસ્કૂલ યુનિટ-૨, અડાદરા	12	-	-
70		I.T.I. અડાદરા, તા.કાલોલ જિ.પંચમહાલ	8	-	-
71	ઘોઘંબા	મોડલ સ્કૂલ યુનિટ-૧, ઘોઘંબા	10	10	-
72		મોડલ સ્કૂલ યુનિટ-૨, ઘોઘંબા	10	10	-
73		એસ.એચ.વરિયા હાઈસ્કૂલ, ઘોઘંબા યુનિટ-૧	10	10	-
74		એસ.એચ.વરિયા હાઈસ્કૂલ, ઘોઘંબા યુનિટ-૨	10	10	-
75		નાલંદા શાળા, ઘોઘંબા	8	10	-
76		વિજય ઈન્દ્રજગત, હાઈસ્કૂલ	-	5	-

ક્રમ	કેન્દ્રનું નામ	બિલ્ડીંગનું નામ	SSC બ્લોક	HSC (GEN) બ્લોક	HSC (SCI) બ્લોક
77	જાંબુઘોડા	મોડલ સ્કૂલ, જાંબુઘોડા યુનિટ-૧	12	10	-
78		મોડલ સ્કૂલ, જાંબુઘોડા યુનિટ-૨	12	9	-
79		ધી સેકન્ડરી સ્કુલ, જાંબુઘોડા	10	-	-
80		એકલવ્ય કન્યા નિવાસી શાળા, નારુકોટ	3	-	-
81	વેજલપુર	કે.કે. હાઇસ્કૂલ, વેજલપુર યુનિટ-૧	10	-	-
82		કે.કે. હાઇસ્કૂલ, વેજલપુર યુનિટ-૨	10	-	-
83		એકલવ્ય રેસીડીયન્સલ શાળા, વેજલપુર	5	-	-
84	શિવરાજપુર	કે.વી.એસ હાઇસ્કૂલ, શિવરાજપુર યુનિટ-૧	15	-	-
85		કે.વી.એસ હાઇસ્કૂલ, શિવરાજપુર યુનિટ-૨	8	-	-
86	રામેશરા	પી.એમ.પી હાઈસ્કૂલ, રામેશરા યુનિટ-૧	15	-	-
87		પી.એમ.પી હાઈસ્કૂલ, રામેશરા યુનિટ-૨	11	-	-
88	સિમલિયા	પ્રકાશ માધ્યમિક શાળા, સિમલિયા યુનિટ-૧	15	15	-
89		પ્રકાશ માધ્યમિક શાળા, સિમલિયા યુનિટ-૨	15	7	-
90		પ્રકાશ માધ્યમિક શાળા, સિમલિયા યુનિટ-૩	2	-	-
91	દેલોલ	શાહ એમ.એમ.એસ. વિદ્યામંદિર, દેલોલ યુનિટ-૧	15	15	-
92		શાહ એમ.એમ.એસ. વિદ્યામંદિર, દેલોલ યુનિટ-૨	-	5	-
93	રણજીતનગર	માધ્યમિક વિદ્યામંદિર, રણજીતનગર	14	-	-
94		પ્રાથમિક શાળા, રણજીતનગર	3	-	-
95	કાનોડ	શેઠ એમ.પી. એન્ડ કે.કે. વિદ્યામંદિર, કાનોડ	14	13	-
96		પ્રાથમિક શાળા, કાનોડ તા.કાલોલ	5	-	-
97	તરખંડા	શ્રી નારાયણ હાઈસ્કૂલ, તરખંડા, તા.હાલોલ	15	-	-
98	ડેરોલ	પી.કે સાર્વજનિક હાઇસ્કૂલ, ડેરોલ સ્ટેશન	15	-	-
99		આર. એન્ડ બી. સાર્વજનિક હાઈસ્કૂલ, દેરોલગામ	15	-	-
100		પી.કે સાર્વજનિક હાઇસ્કૂલ, ડેરોલ સ્ટેશન	2	-	-
		કુલ	927	516	105

આજ તારીખ: ૧૩ મી ફેબ્રુઆરી ૨૦૨૬ ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કર્યો.

જે. જે. પટેલ
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ
પંચમહાલ ગોધરા

જાહેરનામું

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૩(૧)(એન) અન્વયેનું

નં.એમએજી/SSC-HSC પરીક્ષા/લાઉડસ્પીકર જાહેરનામું/વશી/૩૩૩ થી ૩૪૩ /૨૦૨૬.-જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, પંચમહાલ ગોધરાના પત્ર જા.નં.પરીક્ષા/૨૦૨૬/૩૧૭૫, તા.૧૧/૦૨/૨૦૨૬ ના રોજના પત્રથી ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર ધ્વારા એસ.એસ.સી. તથા એચ.એસ.સી (સા.પ્ર/વિ.પ્ર) ની પરીક્ષાઓ આગામી તા.૨૬/૦૨/૨૦૨૬ થી તા.૧૮/૦૩/૨૦૨૬ (બંન્ને દિવસો સહિત) સુધીના સમયગાળા દરમ્યાન જિલ્લાના જુદા-જુદા પરીક્ષા કેન્દ્રો ઉપર યોજાનાર છે. સદર પરીક્ષા કેન્દ્રો ખાતે પરિક્ષાર્થીઓને પરીક્ષા દરમ્યાન ખલેલ ન પહોંચે તે માટે પરીક્ષા સ્થળોની આસપાસના વિસ્તારમાં લાઉડ સ્પીકર ઉપયોગ કરવા ઉપર પરીક્ષાના સમય દરમ્યાન પ્રતિબંધ લાગુ કરવા જાહેરનામું પ્રસિધ્ધ કરવા વિનંતી કરેલ છે.

પરીક્ષા દરમ્યાન પરીક્ષાર્થીઓને ખલેલ ન પહોંચે અને તેઓ શાંતિપૂર્વક રીતે પરીક્ષા આપી શકે તે માટે પરીક્ષાના સમયગાળા પુરતો લાઉડ સ્પીકરના ઉપયોગ પર નિયંત્રણ કરવું જરૂરી જણાય છે.

આથી, હું જે.જે.પટેલ (જી.એ.એસ.) અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, પંચમહાલ ગોધરા, ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૩(૧) (એન) અન્વયે મળેલ અધિકારની રૂએ ફરમાવુ છું કે, અત્રેના હુકમ નં.એમએજી/SSC-HSC પરીક્ષા/જાહેરનામું/વશી/૩૨૨ થી ૩૩૨ /૨૦૨૬ તા. ૧૩/૦૨/૨૦૨૬ સાથેની અનુસૂચિમાં ઉલ્લેખ કરેલ એચ.એસ.સી વિજ્ઞાનપ્રવાહ, એચ.એસ.સી સામાન્ય પ્રવાહ તેમજ એસ.એસ.સીના કુલ મળી-૧૦૦ પરીક્ષા કેન્દ્રોની ચર્તુદિશાની ચોતરફ ૧૦૦ મીટરની ત્રિજયામાં આવેલ તમામ મકાનો, જગ્યા, સ્થળ અને વિસ્તારોમાં આગામી તા.૨૬/૦૨/૨૦૨૬ થી તા.૧૮/૦૩/૨૦૨૬ (બંન્ને દિવસો સહિત) સુધી સવારના ૦૯-૦૦ કલાકથી સાંજના ૧૯-૦૦ કલાક સુધીના સમયગાળા દરમ્યાન રસ્તામાં અથવા સાર્વજનિક જગ્યાઓમાં અથવા તેની નજીકમાં વાજીંત્ર જેવા કે, ભૂંગળા, લાઉડસ્પીકર, ડી.જે, રેડીયો, ઓડીયો પ્લેયર્સ જેવા ઉપકરણો અથવા ઘોઘાંટ કરે તેવા બીજા સાધનો વગાડવા નહિં.

પોલીસ અધિક્ષકશ્રીએ આ જાહેરનામાની ગુજરાત પોલીસ અધિનિયમની જોગવાઈઓ મુજબ પુરતી પ્રસિધ્ધિ કરવાની રહેશે તથા તે અંગેનો અહેવાલ મોકલવાનો રહેશે.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર શખ્સ ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૧ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ: ૧૩મી ફેબ્રુઆરી-૨૦૨૬ ના રોજ મારી સહી તથા કચેરીનો સિકકો કર્યો.

જે. જે. પટેલ
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ
પંચમહાલ ગોધરા

Signature Not Verified
Signed by : KAPADIYA ANANDKUMAR DAHYABHAI
Manager
Government Press & Stationery, Vadodara
Date : 2026.04.06 17:53:17 IST